પેજ3

## રણબીર કપૂરે પુણેમાં રૂ.૧૬.૪૨ કરોડમાં ૨૫ એકર જમીન ખરીદી



મુંબઈ, તા. ૧૪: અયોધ્યામાં પોતાના રિયલ એસ્ટેટ પોર્ટફોલિયોનો વિસ્તાર કર્યા પછી રણબીર કપૂરે હવે અન્ય એક જગ્યાએ જમીન ખરીદી કરી છે. પ્રોપર્ટી રજીસ્ટ્રેશન દસ્તાવેજો (જે સીઆરઈ મેટ્રિક્સ દ્વારા મેળવવામાં આવ્યા છે) અનુસાર, આ અભિનેતાએ પુણેના મુળશી તાલુકા વિસ્તારમાં આશરે ૨૫ એકરમાં ફેલાયેલા જમીનના ચાર ટુકડા ૧૬.૪૨ કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. આ વ્યવહારમાં પિંપરી ગામમાં આવેલી જમીનના ચાર અડીને આવેલા ટુકડાઓનો સમાવેશ થાય છે, જેનો કરાર ૩૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ રજીસ્ટર કરવામાં આવ્યો હતો. ચાર અલગ-અલગ ટુકડાઓની કુલ કિંમત રૂ. ૧૬.૪૨ કરોડ થાય છે.

## કમલ હાસન નાસ્તિક, પણ પુત્રી શ્રુતિએ વિધિવત પૂજા કરી નવા ઘરમાં કર્યો પ્રવેશ!



ચેન્નાઈ, તા. 14: અભિનેત્રી શ્રુતિ હાસને તેના વતન નજીક ચેન્નાઈમાં એક નવું ઘર ખરીદ્યું છે. એક વર્ષ પહેલા ફિલ્મ-નિર્માતા ફરાહ ખાને તેના બ્લોગમાં શ્રુતિ હાસનના મુંબઈમાં આવેલા સ્ટાઇલિશ અને ગોથિક થીમ આધારિત ઘરનું પ્રદર્શન કર્યું હતું. હવે શ્રુતિના નવા ઘરની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે. ઘણા લોકોએ તેણીને તેના નવા ઘર માટે અભિનંદન આપ્યા છે. જોકે, તેના ઘરે યોજાયેલા ગૃહપ્રવેશ સમારોહે ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. તસવીરોમાં શ્રુતિ સંપૂર્ણ વિધિઓ સાથે પૂજા કરતી જોવા મળે છે. જોકે, તેના પરિવારમાંથી કોઈ તેની સાથે દેખાતું નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, શ્રુતિના પિતા અને અભિનેતા કમલ હાસન ખુદને નાસ્તિક જાહેર કરી ચૂક્યા છે.

## 'મન્નત'માં વધુ બે માળ બનશે: શાહરૂખ ખાન સામેની અરજી પર સુપ્રીમ કોર્ટ લાલઘૂમ



નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ) શાહરૂખ ખાનને મોટી રાહત આપતાં સુપ્રીમ કોર્ટે મુંબઈમાં અભિનેતાના નિવાસસ્થાન 'મન્નત' પર વધારાના બે માળના બાંધકામ માટે આપવામાં આવેલી કોસ્ટલ રેગ્યુલેશન ઝોન (સીઆરઝેડ) મંજૂરીને પડકારતી અરજી ફગાવી દીધી છે. અરજીકર્તાના ઇરાદા સામે સવાલ ઉઠાવતાં મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંત અને ન્યાયમૂર્તિઓ જોયમાલ્ય બાગચી અને વી. મોહનાની બનેલી બેંચે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (એનજીટી)ના ૧૬ સપ્ટેમ્બર, ૨૦૨૫ના આદેશમાં હસ્તક્ષેપ કરવાનો ઇનકાર કર્યો હતો. બેંચે કહ્યું હતું કે, "તેઓ ત્યાં રહી રહ્યા છે. જો રહેણાક મકાનમાં તેઓ (વધારાના માળ) બનાવવા માંગતા હોય... તો તે તેમની પસંદગી છે. કાયદાનું વ્યાપકપણે પાલન કરવામાં આવ્યું છે. કોઈ પાડોશી કે અન્ય કોઈએ તેમાં શા માટે દખલ કરવી જોઈએ?" અરજીકર્તા સંતોષ દૌંડકરનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ શોએબ આલમે દલીલ કરી હતી કે, આ કેસ માત્ર એટલા માટે અલગ રીતે ન જોવો જોઈએ કારણ કે તેમાં એક પ્રખ્યાત ફિલ્મ સ્ટાર સામેલ છે.

# મોદીએ આપેલા બિહારના ઠેકુઆની મીઠાશે સ્લોવાક નેતાનું દિલ જીત્યું



નવી દિલ્હી, તા. 14: વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સ્લોવાકિયા મુલાકાત દરમિયાન સ્લોવાક નેશનલ કાઉન્સિલના અધ્યક્ષ રિચર્ડ રાયને ભેટમાં અપાયેલા બિહારના પરંપરાગત મીઠા નાસ્તા 'ઠેકુઆ'નો સ્વાદ ચાખતો તેમનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. રાયે પોતાના 'એક્સ' એકાઉન્ટ પર વીડિયો શેર કરીને જણાવ્યું કે આ માત્ર રાજદ્વારી ભેટ નહીં, પરંતુ ભારતની સંસ્કૃતિની યાદ અપાવતી વિશેષ ભેટ છે.

વીડિયોમાં રાય સુંદર લાકડાના બોક્સમાંથી ઠેકુઆ બહાર કાઢીને તેની પ્રશંસા કરતા જોવા મળે છે. તેમણે જણાવ્યું કે બિહારની આ પરંપરાગત મીઠાઈ તેમને સ્લોવાકિયાની પરંપરાગત મીઠાઈઓની યાદ અપાવે છે અને ખોરાક વિવિધ સંસ્કૃતિઓને જોડવાનું અસરકારક માધ્યમ બને છે.

રાયે કહ્યું કે રાજદ્વારી સંબંધો માત્ર ઔપચારિક બેઠકો સુધી મર્યાદિત નથી, પરંતુ આવી નાની ભેટો પણ દેશો વચ્ચે આત્મીયતા વધારવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે વધુમાં જણાવ્યું કે બદલામાં તેમણે વડા પ્રધાન મોદીને હિન્દી લખાણ ધરાવતા સ્લોવાક સ્પા વેફર્સ ભેટ આપ્યા હતા.

# કારની માઈલેજ જાતે ચકાસી શકાય નહીં: ગડકરી

**E20** પેટ્રોલથી માઇલેજ ઘટવાના વિવાદ પર કેન્દ્રીય મંત્રીએ કહ્યું- સાચી માઇલેજ માત્ર અધિકૃત ડીલરના મશીનથી જ જાણી શકાય

**નિષ્ણાતોના** મતે ડેશબોર્ડ પણ વાસ્તવિકતાની નજીક હોય છે

નવી દિલ્હી, તા. 14: ઈથેનોલ મિશ્રિત E20 પેટ્રોલને લઈને ચાલી રહેલા વિવાદ વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ કહ્યું છે કે સામાન્ય કાર માલિક પોતાની કારની માઈલેજનું સચોટ માપન જાતે કરી શકતો નથી. તેના માટે કંપનીના અધિકૃત ડીલર પાસે ઉપલબ્ધ મશીનથી જ તપાસ કરાવવી જોઈએ. તેમણે આ નિવેદન એક ટીવી ઈન્ટરવ્યૂ દરમિયાન આપ્યું હતું.

ચર્ચા દરમિયાન એક પત્રકારે જણાવ્યું કે 2023માં ખરીદેલી તેમની E20 સુસંગત કારની શહેરમાં માઈલેજ અગાઉ 11 કિમી પ્રતિ લિટર હતી, જે હવે ઘટીને 7 કિમી પ્રતિ લિટર થઈ ગઈ છે. તેના જવાબમાં ગડકરીએ પૂછ્યું કે આ માઈલેજ કેવી રીતે માપવામાં આવી. પત્રકારે ડેશબોર્ડ પર દર્શાવાતા આંકડાનો ઉલ્લેખ કરતાં ગડકરીએ કહ્યું કે સચોટ માઈલેજ માત્ર અધિકૃત ડીલરના સાધનો દ્વારા જ જાણી શકાય છે. તાજેતરમાં કેન્દ્ર સરકારે પણ સ્વીકાર્યું હતું કે કેટલાક વાહનોમાં E20 પેટ્રોલના ઉપયોગથી ઈંધણ કાર્યક્ષમતામાં 3થી 5 ટકા સુધી ઘટાડો થઈ શકે છે. જોકે સરકારે ભારપૂર્વક જણાવ્યું કે માઈલેજ જ એકમાત્ર માપદંડ નથી અને ઈથેનોલ મિશ્રણથી આયાતી ક્રૂડ ઓઈલ પરની નિર્ભરતા ઘટે છે તેમજ પ્રદૂષણમાં પણ ઘટાડો થાય છે. ઓટોમોબાઈલ નિષ્ણાતોના જણાવ્યા અનુસાર ડેશબોર્ડ પર દેખાતી માઈલેજ અંદાજિત હોય છે, પરંતુ તે સામાન્ય રીતે વાસ્તવિક આંકડાથી 2થી 5 ટકા સુધી જ અલગ હોય છે.



ચીનના ઝેજિયાંગ પ્રાંતના હાંગઝોઉ ઇસ્ટ રેલ્વે સ્ટેશનના વિશાળ વેઇટિંગ હોલમાં ઉનાળાની રજાઓની ભીડ દરમિયાન એકત્રિત થયેલા મુસાફરોની અભૂતપૂર્વ ભીડ.

# મહાદેવ બેટિંગ કેસમાં ઉદ્યોગપતિ વિકાસ ગર્ગની ધરપકડ

**બેટિંગના** કાળા નાણાંથી એબિક્સકેશમાં ૬૪% હિસ્સો ખરીદ્યો

**છત્તીસગઢના** મોટા રાજકારણીઓ અને અમલદારો સામેલ છે તેવા આ કેસમાં ગુનાની રકમ રૂપિયા 6,000 કરોડ છે

નવી દિલ્હી, તા. ૧૪ (પીટીઆઈ) એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ મંગળવારે મહાદેવ ઓનલાઈન બેટિંગ એપ સાથે જોડાયેલા કરોડો રૂપિયાના મની-લોન્ડરિંગ કેસમાં એબિક્સ ગ્રુપના ચેરમેન વિકાસ ગર્ગની ધરપકડ કરી છે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ૫૩ વર્ષીય ગર્ગને દિલ્હીમાં તેમના પરિસરમાં દરોડા પાડ્યા બાદ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કસ્ટડીમાં લેવામાં આવ્યા હતા. તેમને દિલ્હીની એક વિશેષ અદાલત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા, જેણે કેન્દ્રીય એજન્સીને તેમને છત્તીસગઢના રાયપુર લઈ જવા માટે ૨૪ કલાકની કસ્ટડી આપી હતી, જ્યાં આ તપાસ ચાલી રહી છે. ગર્ગ એબિક્સ ગ્રુપ ઉપરાંત શેરબજારમાં લિસ્ટેડ ત્રણ કંપનીઓ - વિકાસ ઈકોટેક લિમિટેડ, વિકાસ લાઈફકેર લિમિટેડ અને ઈરાયા લાઈફસ્પેસિસ લિમિટેડ -ના પ્રમોટર છે. ઈડીના જણાવ્યા



અનુસાર, ગર્ગે ગેરકાયદે બેટિંગ પ્રવૃત્તિઓમાંથી કથિત રીતે મેળવેલા નાણાંનો ઉપયોગ કરીને ઈરાયા લાઈફસ્પેસિસ દ્વારા એબિક્સકેશમાં ૬૪ ટકા હિસ્સો હસ્તગત કર્યો હતો. ગયા અઠવાડિયે કેન્દ્રીય એજન્સીએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું કે, તેણે તપાસના ભાગરૂપે ગર્ગ, તેમના પરિવારના સભ્યો અને તેમની સાથે જોડાયેલી કંપનીઓની રૂપિયા ૯૪૦.૭૭ કરોડની અસ્કયામતો જપ્ત કરી છે.

ઈડીએ જણાવ્યું હતું કે, "આ જપ્તી મહાદેવ ઓનલાઈન બુક/સ્કાયએક્સચેન્જ ગેરકાયદે ઓનલાઈન બેટિંગ કેસમાં ચાલી રહેલી મની-લોન્ડરિંગ તપાસનો એક ભાગ છે." એજન્સીએ આક્ષેપ કર્યો છે કે, મહાદેવ બેટિંગ એપ કેસમાં છત્તીસગઢના ઉચ્ચ હોદ્દા ધરાવતા રાજકારણીઓ અને અમલદારો સામેલ છે અને આ કેસમાં પેદા થયેલી ગુનાની રકમ રૂપિયા ૬,૦૦૦ કરોડ છે.

# ચીને કોમ્યુનિસ્ટ પાર્ટીના વરિષ્ઠ નેતાને ભ્રષ્ટાચાર બદલ હાંકી કાઢ્યા

**સસ્તા** ઘર ખરીદવા અને ગેરકાયદે પ્રમોશન આપવાના ગંભીર આરોપો

બેઈજિંગ, તા. ૧૪ (પીટીઆઈ): ચીનની સત્તાધારી કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના (સીપીસી)એ મંગળવારે તેના શિનજિયાંગ પ્રાંતના પૂર્વ વડા મા શિંગરુઈને ભ્રષ્ટાચાર અને પક્ષના શિસ્તભંગ બદલ પક્ષમાંથી હાંકી કાઢ્યા છે અને જાહેર સેવામાંથી બરતરફ કર્યા છે.

સરકારી સમાચાર સંસ્થા શિન્હુઆએ જણાવ્યું હતું કે, ''દેશની સર્વોચ્ચ નિર્ણય લેનારી સંસ્થા – પ્રભાવશાળી પોલિટબ્યુરોના સભ્ય રહી ચૂકેલા માએ તેમના આદર્શો અને વિશ્વાસ ગુમાવી બેઠા છે. તેમની રાજકીય નિષ્ઠા છોડી દીધી છે, પક્ષના સિદ્ધાંતો સાથે વિશ્વાસઘાત કર્યો છે અને રાજકીય શિસ્ત અને નિયમોનું ગંભીર ઉલ્લંઘન કર્યું છે.'' ૬૭ વર્ષીય મા, ૨૦૨૨માં શરૂ થયેલા પક્ષના વર્તમાન કાર્યકાળ દરમિયાન તપાસ હેઠળ આવેલા ૨૪ સભ્યોની પોલિટબ્યુરોના ત્રીજા સભ્ય છે, જે ૧૦૫ વર્ષ જૂના પક્ષના તાજેતરના ઈતિહાસમાં એક દુર્લભ ઘટના છે.

રાષ્ટ્રપતિ શી જિનપિંગે ૨૦૧૨માં સત્તા સંભાળ્યા પછી ભ્રષ્ટાચાર વિરોધી વ્યાપક અભિયાનની દેખરેખ રાખી છે, જેમાં સેંકડો પક્ષ અને લશ્કરી અધિકારીઓને ભ્રષ્ટાચાર અને શિસ્તભંગના ઉલ્લંઘન બદલ સજા કરવામાં આવી છે.

શિન્હુઆએ એક સત્તાવાર નિવેદનને ટાંકીને જણાવ્યું હતું કે, તપાસમાં જાણવા મળ્યું છે કે, માએ રાજકીય, સંગઠનાત્મક અને નૈતિક શિસ્તનું ઉલ્લંઘન કર્યું હતું, પરિવારના સભ્યોને બજાર કરતાં ઓછી કિંમતે ઘરો ખરીદવામાં મદદ કરી હતી, સત્તા અને નાણાંના બદલામાં સેક્સ જેવાં કામોમાં સામેલ હતા અને તેમના પદના પ્રભાવનો દુરુપયોગ કરીને પરિવારના સભ્યોને મોટો ફાયદો ઉઠાવવાની છૂટ આપી હતી.

માએ વ્યવસાયિક કામગીરી, પ્રોજેક્ટ કોન્ટ્રાક્ટિંગ અને નોકરીમાં પ્રમોશન માટે અન્ય લોકો માટે લાભ મેળવવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું.

# ભોજશાળા કેસ: સુપ્રીમનો શુક્રવારની નમાઝ માટે અલગ જગ્યા ફાળવવાનો આદેશ

**અંતિમ** ચુકાદા સુધી આ વચગાળાની વ્યવસ્થા અમલમાં રહેશે

**ASIને** કોર્ટની મંજૂરી વિના માળખાકીય ફેરફાર નહીં કરવાનો આદેશ

નવી દિલ્હી, તા. 14 (પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે મંગળવારે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં આવેલી વિવાદાસ્પદ ભોજશાળા-કમાલ મૌલા મસ્જિદ સંકુલ મામલે મહત્વનો વચગાળાનો આદેશ આપતાં મુસ્લિમ સમુદાયને શુક્રવારે બપોરે 1થી 3 વાગ્યા દરમિયાન નમાઝ અદા કરવા માટે ભોજશાળા સંકુલને અડીને આવેલી અલગ ખુલ્લી જગ્યા ઉપલબ્ધ કરાવવાનો નિર્દેશ આપ્યો છે. જોકે કોર્ટે સ્પષ્ટ કર્યું કે આ વ્યવસ્થા માત્ર વચગાળાની છે અને અંતિમ ચુકાદાને આધીન રહેશે.

### બંને પક્ષોની કોર્ટમાં દલીલો

મુસ્લિમ પક્ષના વકીલોએ દલીલ કરી હતી કે હાઈકોર્ટનો આદેશ ભૂલભરેલો છે અને તેના કારણે લગભગ 800 વર્ષથી ચાલી આવતી યથાસ્થિતિ ખોરવાઈ ગઈ છે. તેથી વર્ષ 2003થી અમલમાં રહેલી જૂની વ્યવસ્થાને જ હાલ પૂરતી ચાલુ રાખવા દેવી જોઈએ. રાજ્ય સરકાર વતી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અગાઉની સ્થિતિ પુન:સ્થાપિત કરવાનો વિરોધ કર્યો હતો. તેમણે કોર્ટને જણાવ્યું કે હાઈકોર્ટના ચુકાદા પછી ઘણા ફેરફારો થયા છે. જો બે મહિના પછી આવીને અગાઉની સ્થિતિની માગ કરવામાં આવશે, તો વહીવટી સમસ્યાઓ ઊભી થશે. હિન્દુ પક્ષકારોએ સુપ્રીમ કોર્ટમાં પહેલેથી જ 'કેવિએટ' દાખલ કરી દીધી છે, જેથી તેમનો પક્ષ સાંભળ્યા વિના મુસ્લિમ પક્ષની અરજી પર કોઈ અંતિમ આદેશ ન આપી શકાય.


ચીફ જસ્ટિસ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (ASI)ને પણ કોર્ટની પૂર્વ મંજૂરી વિના ભોજશાળા સંકુલમાં કોઈપણ પ્રકારના માળખાકીય ફેરફાર નહીં કરવાનો આદેશ આપ્યો છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે ભોજશાળાનો મુદ્દો અત્યંત સંવેદનશીલ છે અને બંને પક્ષોએ ધીરજ રાખવી જોઈએ. કોર્ટે જરૂર પડે તો દૈનિક સુનાવણી કરીને પણ વિવાદનો ઉકેલ લાવવાની તૈયારી દર્શાવી હતી. કોર્ટે એ પણ નોંધ્યું કે રાજ્ય સરકાર માટે કાયદો અને વ્યવસ્થા જાળવવી પડકારરૂપ બની છે અને આ પાસાને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

આ કેસ મધ્યપ્રદેશ હાઈકોર્ટના 15 મેના ચુકાદા સામે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર ચાલી રહ્યો છે. હાઈકોર્ટે ભોજશાળા સંકુલને માતા સરસ્વતીને સમર્પિત મંદિર ગણાવ્યું હતું અને ASIના દાયકાઓ જૂના તે આદેશને પણ રદ કર્યો હતો, જેના આધારે મુસ્લિમ સમુદાયને શુક્રવારની નમાઝ અદા કરવાની મંજૂરી આપવામાં આવી હતી. હવે સુપ્રીમ કોર્ટે આગામી 10થી 15 દિવસમાં યોગ્ય બેન્ચ સમક્ષ કેસની વધુ સુનાવણી કરવાનો સંકેત આપ્યો છે.

હિન્દુ સમુદાય આ સંકુલને 11મી સદીનું માતા સરસ્વતી (વાગદેવી)નું મંદિર માને છે, જ્યારે મુસ્લિમ પક્ષ તેને કમાલ મૌલા મસ્જિદ કહે છે. એપ્રિલ 2003ના એએસઆઈના આદેશ મુજબ હિન્દુઓને મંગળવારે પૂજા કરવાની અને મુસ્લિમોને શુક્રવારે નમાઝ પઢવાની મંજૂરી હતી, જે હાઈકોર્ટના ચુકાદાથી રદ થઈ હતી.

# ફ્રાન્સના બીચ પર 'સુનામી ક્લાઉડ' ત્રાટકતાં પ્રવાસીઓમાં નાસભાગ



**દરિયા** કાંઠે 38 ડિગ્રીની ગરમી વચ્ચે માત્ર 6 મિનિટમાં તાપમાન 11 ડિગ્રી ઘટ્યું

**જોરદાર** પવન અને ધૂળની ડમરીઓથી પ્રવાસીઓ ગભરાયા

નવી દિલ્હી, તા. 14: યુરોપમાં ફરી એકવાર 45 ડિગ્રી સેલ્સિયસ સુધીની ગરમીની લહેર વચ્ચે ફ્રાન્સના હેન્ડાયે બીચ પર અચાનક સર્જાયેલા વિશાળ 'સુનામી ક્લાઉડ' અને તોફાની પવનને કારણે પ્રવાસીઓમાં નાસભાગ મચી ગઈ હતી. રવિવારે બનેલી આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે.

હવામાનની આ દુર્લભ ઘટનાને સ્થાનિક ભાષામાં 'ગેલર્ને' કહેવામાં આવે છે. તેમાં અચાનક તાપમાનમાં ભારે ઘટાડો થાય છે અને ઉત્તર-પશ્ચિમ તરફથી જોરદાર પવન ફૂંકાય છે. બીચ પર હાજર સેંકડો પ્રવાસીઓ સર્ફબોર્ડ, રબર રિંગ અને ટુવાલ લઈને સુરક્ષિત સ્થળે દોડી ગયા હતા.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, થોડા સમય પહેલાં સુધી તડકો હતો, પરંતુ અચાનક આકાશ કાળા વાદળોથી છવાઈ ગયું, ધુમ્મસ છવાયું અને તોફાની પવન શરૂ થઈ ગયો. 38 ડિગ્રી સેલ્સિયસની ગરમી વચ્ચે માત્ર 6 મિનિટમાં તાપમાન 11 ડિગ્રી ઘટી ગયું, જ્યારે રેતીની ડમરીઓ અને ઊડતી છત્રીઓથી લોકોમાં ભય ફેલાયો.

આ જ ઘટના બિયારિત્ઝ શહેરમાં પણ જોવા મળી હતી. ત્યાં 42.9 ડિગ્રી સેલ્સિયસનું રેકોર્ડ તાપમાન નોંધાયા બાદ થોડા જ સમયમાં જોરદાર પવન ફૂંકાતા તાપમાન ઘટીને 23 ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું. હવામાન નિષ્ણાતોના જણાવ્યા મુજબ, ઠંડી દરિયાઈ હવા અને ગરમ જમીન વચ્ચેના તાપમાનના તફાવતને કારણે આ પ્રકારની ઘટના સર્જાય છે.

# યુક્રેને 5 રશિયન બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડી

**કિવની** હવાઈ સંરક્ષણ પ્રણાલી મજબૂત કરવાની કોશિશ

કિવ, તા. ૧૪ (એપી): યુક્રેનની વાયુસેનાએ મંગળવારે જણાવ્યું હતું કે, તેણે રાતભર થયેલા શ્રેણીબદ્ધ હુમલાઓમાં રશિયા દ્વારા છોડવામાં આવેલી પાંચ બેલિસ્ટિક મિસાઈલોને આંતરીને તેને તોડી પાડી હતી. જોકે, અન્ય મિસાઈલો અને ડ્રોન ત્રાટકવામાં સફળ રહ્યા હતા અને રાજધાની કિવમાં વેરહાઉસીસ તેમજ એક શાળા પર પડ્યા હતા.

લગભગ બે અઠવાડિયામાં આ પ્રથમ વખત હતું જ્યારે યુક્રેને જણાવ્યું હતું કે, તેણે રશિયન બેલિસ્ટિક મિસાઈલોને તોડી પાડી છે, ડ્રોન અથવા ક્રૂઝ મિસાઈલોની સરખામણીમાં તેને રોકવી વધુ મુશ્કેલ છે અને મોસ્કો તરફથી ૪ વર્ષથી ચાલી રહેલા પૂર્ણ સ્તરના યુદ્ધએ દેશને ધમરોળી નાખ્યું છે.

યુક્રેનિયન એર ડિફેન્સે સંભવત: અમેરિકા નિર્મિત પેટ્રિઓટ સરફેસ-ટુ-એર ગાઈડેડ મિસાઈલ સિસ્ટમનો ઉપયોગ કર્યો હતો, જે બેલિસ્ટિક મિસાઈલોનો સામનો કરવાનો સૌથી અસરકારક માર્ગ છે, પરંતુ ઈરાન યુદ્ધ વચ્ચે તેના દારૂગોળાની અછત વર્તાઈ રહી છે, આમ છતાં આ અછતને પૂરી કરવા માટે યુરોપિયન દેશો પ્રયાસો કરી રહ્યા છે. દરમિયાન પેરિસમાં એકત્રિત થયેલી ભીડે વાર્ષિક બેસ્ટિલ ડે પરેડમાં કૂચ કરી રહેલા યુક્રેનિયન સૈનિકોને ઉત્સાહ વધાર્યો હતો અને રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીને કિવ પ્રત્યે એકજૂથતા દર્શાવનારા યુરોપિયન નેતાઓ તરફથી ઉષ્માભર્યું અભિવાદન મળ્યું હતું.

# 20 વર્ષ બાદ તસ્લિમા નસરીનની કોલકાતા વાપસીની શક્યતા

**બાંગ્લાદેશનાં** નિર્વાસિત લેખિકાએ 2007માં વિરોધ પ્રદર્શન બાદ છોડ્યું હતું કોલકાતા, સુરક્ષા કારણોસર વાપસીના પ્રયાસો વારંવાર નિષ્ફળ રહ્યા હતા



કોલકાતા, તા. 14 (પીટીઆઈ): બાંગ્લાદેશનાં નિર્વાસિત લેખિકા તસ્લિમા નસરીન લગભગ 20 વર્ષ બાદ કોલકાતાની મુલાકાતે આવે તેવી શક્યતા છે. તેમણે સોશિયલ મીડિયા પર જણાવ્યું કે તેઓ 1 ઓગસ્ટે રવીન્દ્ર સદનમાં યોજાનારા એક કાર્યક્રમમાં ભાગ લેશે. ધર્મનિરપેક્ષ મિશન અને હ્યુમન રાઈટ્સ એન્ડ બાંગ્લાદેશ ફ્રીડમ ફાઈટર્સ ફાઉન્ડેશને તેમને આમંત્રણ આપ્યું છે. કટ્ટરવાદ સામેના તેમના લાંબા સંઘર્ષ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા માટેના સમર્થનને ધ્યાનમાં રાખીને આ આમંત્રણ આપવામાં આવ્યું છે. તસ્લિમા નસરીને 2007માં તેમના લેખનના વિરોધમાં થયેલા હિંસક દેખાવો બાદ ડાબેરી સરકારના કાર્યકાળ દરમિયાન કોલકાતા છોડવું પડ્યું હતું. ત્યારબાદ સુરક્ષાના કારણોસર તેમની વાપસીના અનેક પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. તેઓ કોલકાતાને પોતાના હૃદયની સૌથી નજીકનું શહેર ગણાવે છે, પરંતુ સુરક્ષા અને કટ્ટરવાદી જૂથોના વિરોધને કારણે લગભગ બે દાયકાથી શહેરથી દૂર રહ્યા છે.

મહિલા અધિકારો, ધર્મનિરપેક્ષતા અને અભિવ્યક્તિની સ્વતંત્રતા અંગેના તેમના નિર્ભય વિચારોને કારણે તેઓ આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચામાં રહ્યા છે. 1994માં બાંગ્લાદેશમાં તેમના વિરુદ્ધ ફતવો જાહેર થતાં તેમણે દેશ છોડ્યો હતો. બાદમાં તેઓ યુરોપ અને પછી ભારતમાં રહ્યા. 2004થી 2007 દરમિયાન તેઓ કોલકાતામાં રહ્યા હતા, તે સમયમાં તેમનું પુસ્તક 'દ્વિખંડિતો' પશ્ચિમ બંગાળમાં પ્રતિબંધિત કરાયું હતું. હાલ તેઓ સ્વીડનની નાગરિકતા ધરાવે છે અને દિલ્હીમાં લાંબા ગાળાના નિવાસ પરમિટ હેઠળ રહે છે.